## આંક–૫ લગત હુકમ

--------------------------------------------

(૧). વાદીઓએ હાલના દાવામાં, આંક–૫ થી કામચલાઉ મનાઈ હુકમની અરજી આપી જણાવે છે કે તેઓ અને પ્રતિવાદીઓ એક જ કુટુંબના છે તેમાં વાદી મૈયત મંગળભાઈ સાભઈભાઈ સોલંકીના વારસદારો છે તથા પ્રતિવાદીઓ મૈયત ડાહ્યાભાઈ સાભઈભાઈ સોલંકીના વારસદારો છે. વાદીઓ જણાવે છે કે મોજે ગામ હઠીપુરા, તા.આંકલાવ જી.આણંદની સીમના જુનો સર્વે નં/બ્લોક નંબર–(૩૨૩) ૩૩૧, નવો સર્વે/બ્લોક નં.૫૯૧ ક્ષેત્રફળ ૦–૫૧ –૭૦ આરે ચો.મી. વાળી ખાતા નં.૧૭૧ વાળી જમીન વાદીના પિતાશ્રી મંગળભાઈ સાભઈભાઈ સોલંકીને ટેનન્સી કોર્ટ મારફતે ગણોત ધારા હેઠળ મળેલી અને સદર જમીન વાદીઓના પિતાશ્રી ખેડતા આવેલા. વાદીઓ જણાવે છે કે સદર જમીન ઉપર વાદીઓ ધ્વારા મકાનો બનાવેલા છે તેમાં વાદીઓ કુટુંબ કબીલા સાથે રહે છે. વાદીઓ જણાવે છે કે કે ગણોતધારામાં વેચાણના રૂપિયા હપ્તેથી ભરીને સદર જમીન વાદીઓના પિતાશ્રીને મળેલી અને તેના બદલે ગ્રામ નમુના નં .૯ નું સર્ટીફીકેટ પણ ઈસ્યુ થયેલુ પરંતુ જે તે વખતના ત.ક.મંત્રીએ ખોટી રીતે ફેરફાર નોંધ નં.૨૪૧૪ દાખલ કરેલી અને ગણોતીયામાં ડાહ્યાભાઈ સાભઈભાઈનું નામ દાખલ કરી નાંખેલુ. વાદીઓ જણાવે છે કે કૃષિપંચ મામલતદારશ્રીએ તેમની ટેનન્સી નોર્ટના હુકમમાં ''ખેડહકકમાંથી ડાહ્યાભાઈ સાભઈભાઈનું નામ કમી કરી ઉપરના ગણોતીયા મંગળભાઈ સાભઈભાઈનું નામ દાખલ કરવુ'' તેવુ જણાવેલ તેમછતા ત.ક.મંત્રીશ્રીએ ફેરફાર નોંધ નં.૫૯૯, તા.૧૭.૦૩.૧૯૫૬, સને ૧૯૫૫–૫૬ ના ખેડુતોને સામાન્ય ખેડુત તરીકે દાખલ કરેલા અને તેમના નામ કમી કર્યા અને કમી થયેલા નામ નીચે મંગળભાઈ સાભઈભાઈનું નામ લખેલ છે. વાદીઓ જણાવે છે કે તે નોંધ પાડવામાં તલાટીએ ગંભીર પ્રકારની ભુલ કરેલ કારણ

કે તકરારી જમીનનો કબજો કાયમથી જ વાદીના પિતાશ્રીનો ચાલતો આવેલો છે. તેઓ જણાવે છે કે નોંધ નં.૫૯૯ થી વાદીના પિતાશ્રીનું નામ કમી કરવામાં આવેલ હોય જેથી વાદગ્રસ્ત જમીનના ૭/૧૨માં વાદીના કાકાશ્રીનું નામ ચાલુ રહેલ પરંતુ વાદીના પિતાશ્રીએ ગણોત કેસ લડેલા અને તે મુજબ દાવાવાળી મીલકતોમાં વાદીના પિતાશ્રીનું નામ દાખલ થવુ જોઈતુ હતુ પરંતુ ત.ક.મંત્રીશ્રીએ વાદીના પિતાશ્રીનું નામ દાખલ કરેલ નહી. વધુમાં વાદીઓ જણાવે છે કે વાદીના કાકાશ્રી ડાહ્યાભાઈ સાભઈભાઈ તા.૧૪.૦૮.૨૦૦૫ માં મૈયત થયેલા અને તેમના વારસદારોએ નોંધ નં.૧૩૨૮ થી તેમની વારસાઈ કરાવેલી જે નોંધ તા.૦૫.૦૮.૨૦૦૭ નારોજ પ્રમાણીત કરવામાં આવેલી. વાદીઓ જણાવે છે કે જમીનના ૭/૧૨ માં ત.ક.મંત્રીની ગંભીર ભુલના કારણે વાદીના પિતાશ્રીનું નામ ચડેલ નહી પરંતુ જમીનનો કબજો ભોગવટો હાલના વાદી પાસે જ છે. વાદીઓ જણાવે છે કે આ કામના પ્રતિવાદીઓ ખોટી રેવન્યુ એન્ટ્રીના આધારે વાદીઓનો કબજો છીનવી લેવા પેરવી કરી રહયા છે અને ખોટી અને ગેરકાયદેસર રીતે ત્રાહીત ઈસમોને વેચી દેવ માંગે છે. જેથી વાદી ધ્વારા તેમની આંક ૫ ની મનાઈ અરજીના પેરા નં.૧૪ માં જણાવ્યા મુજબ દાદ માંગેલ છે કે આ કામના પ્રતિવાદીઓ વાદીઓને ખેતીકામ કરતા ઉપજ નીપજ લેતા હેલ્લો હરકત અંતરાય કે અડચણ કરે કરાવે નહી કે પ્રતિવાદીઓ કે તેમના માણસો,એજન્ટો વિગેરે દાવાવાળી જમીનોમાં કાયમી ફેરફાર કરે કરાવે નહી કે અન્ય કોઈ ઈસમોને વેચે-વેચાવે નહી કે દાવાવાળી મીલકતમાં વાદીઓએ જે બાંધકામ કરાવેલ છે તેને કોઈપણ જાતનું નુકશાન કરે કરાવે નહી તેવી કામચલાઉ મનાઈહુકમ મેળવવા માંગણી કરેલ છે.

(૨). આ કામના પ્રતિવાદીઓનાઓ હાજર થયા બાદ જવાબ રજુ કરેલ ન હોય જેથી અત્રેની કોર્ટ ધ્વારા આંક-૧૮ હેઠળ હુકમ કરી તા.૧૮.૦૭.૨૦૨૩ નારોજ તેઓનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ અને ત્યારબાદ આંક-૫ ની સુનાવણી વખતે

પણ તેઓ હાજર રહેલા નથી જેથી પ્રતિવાદીઓની આંક–૫ ની સુનાવણી તેઓની ગેરહાજરીમાં કરવામાં આવેલી.

(૩) આ કામમાં વાદીના વિ.વ.શ્રી ધ્વારા આંક–૨૪ થી લેખીત દલીલો રજુ રાખેલ છે ધ્યાને લેવામાં આવી ત્યારબાદ વાદીના વિ.વ.શ્રીની મૌખીક દલીલો સાંભળી જેમાં તેઓએ તેમની આંક–૧ ની હકીકતોનું પુનરાવર્તન કરેલ.

(૪) સદર કેસમાં વાદીઓના જણાવ્યા મુજબની હકીકત ધ્યાને લેવામાં આવે તો વાદીઓ જણાવે છે કે તેઓના પિતાશ્રી મંગળભાઈ સાભઈભાઈ સોલંકીએ દાવાવાળી મીલકત ટેનન્સી કોર્ટના હુકમ મુજબ ગણોતધારા હેઠળ વેચાણ રાખેલ અને ત્યારબાદ મંગળભાઈ સાભઈભાઈ ગુજરી ગયા બાદ હાલના કામના વાદીઓ દાવાવાળી મીલકતના માલીક અને કબજેદાર બનેલા પરંતુ જે તે સમયના ત.ક.મંત્રીએ ફેરફાર નોંધ નં.૨૪૧૪ ખોટી રીતે પાડેલ અને તેમાં ડાહયાભાઈ સાભઈભાઈનું નામ દાખલ કરેલુ. વાદીઓ ધ્વારા નિ.૩/૧ થી ગ્રામ નમુના નં. ૭/૧૨ ના ઉતારા રજુ રાખેલા છે તેમાં દાવાવાળી મીલકતનો જુનો સર્વે નં.૩૩૧ અને નવો સર્વે નં.૫૯૧ તથા ગામનું નામ હઠીપુરા દર્શાવેલુ છે અને કબજેદારોમાં આ કામના પ્રતિવાદીઓના નામ દર્શાવેલા છે અને નિ.૩/૨ વાળા દસ્તાવેજમાં સદર જમીનનો ખાતા સંખ્યા ૧૭૧ દર્શાવેલી છે અને કબજેદારોમાં પ્રતિવાદીઓના નામ દર્શાવેલા છે પરંતુ વાદી ધ્વારા રજુ નિ.૩/૩ થી નોંધ નં. ૫૯૯ બતાવતો જે ગ્રામ નમુના નં.૬ વાળુ હકકપત્ર રજુ રાખેલુ છે તેમાં ડાહયાભાઈ સાભઈભાઈનુ નામ દર્શાવેલુ છે તથા સર્વે નં.૩૨૩ દર્શાવેલુ છે. એવી જ રીતે નિ.૩/૪ વાળા દસ્તાવેજમાં નોંધ નં.૨૪૧૪ માં સર્વે નં .૩૨૩ દર્શાવેલુ છે તેમજ નિ.૩/૬ થી રજુ કૃષિપંચના હુકમમાં, નિ.૩/૭ થી રજુ ખરીદ કીમંત ભરવા માટેના આદેશમાં, નિ.૩/૮ થી રજુ ખરીદ કીમંત ભરવા માટેની સુચનામાં, નિ.૩/૯ થી રજુ ગ્રામ નમુના નં.૬ વાળા વેચાણ અંગેના દાખલમાં, નિ.૩/૧૦ થી રજુ વેચાણ અંગેના દાખલો લેવા માટે હાજર રહેવા

માટેની નોટીશમાં, નિ.૩/૧૧ થી રજુ ચલણમાં સર્વે નં.૩૨૩ દર્શાવેલુ છે તેમજ ગામનું નામ આસરમા દર્શાવેલુ છે અને દરેક દસ્તાવેજમાં ખેડુતનું નામ મંગળભાઈ સાભઈભાઈ દર્શાવેલુ છે પરંતુ નિ.૩/૧ માં જુનો સર્વે નં.૩૩૧ દર્શાવેલુ છે અને ગામનું નામ હઠીપુરા દર્શાવેલુ છે અને નવો સર્વે નં.૫૯૧ દર્શાવેલુ છે અને કબજેદારન કોલમમાં આ કામના પ્રીતવાદીઓન નામ દર્શાવેલા છે. હાલના તબકકે વાદી ધ્વારા એવો કોઈ દસ્તાવેજ રજુ કરવામાં આવેલ નથી જેનાથી એવુ ચોકકસ રીતે કહી શકાય કે જુના સર્વે નં.૩૩૧, ગામ હઠીપુરા,નવો સર્વે નં .૫૯૧, બ્લોક નં.૧૭૧ વાળી જમીન જેમાં હાલ કબજેદારના કોલમમાં પ્રતિવાદીઓના નામ ચાલુ છે તથા જુના સર્વે નં.૩૨૩, ગામ આસરમાવાળી જમીન એક જ છે. વાદી ધ્વારા તેમની દાવા અરજીમાં જુનો સર્વે નં.૩૩૧ નવો સર્વે નં .૫૯૧, બ્લોક નં.૧૭૧ દાવાવાળી મીલકત તરીકે દર્શાવેલી છે પરંતુ વાદી ધ્વારા આંક–૫ ની કામચલાઉ મનાઈ અરજીના તબકકે જે દસ્તાવેજો સદર કોર્ટના રેકર્ડ ઉપર રજુ કરેલા છે તે દસ્તાવેજોમાં બે અલગ અલગ જુના સર્વે નંબરો દર્શાવેલા છે એટલે કે સર્વે નં.૩૨૩ ગામ આસરમા તથા સર્વે નં.૩૩૧ ગામ હઠીપુરા જુનો સર્વે નં.૫૯૧, બ્લોક નં.૧૭૧ છે પરંતુ તે બંને સર્વે નંબર એક જ હોવાનું કોઈ આધાર વાદી ધ્વારા રજુરાખવામાં આવેલ નથી. વાદીઓ ધ્વારા નિ.૩/૧૫ થી નિ.૩/૩૬ સુધી જે મહેસુલ ભર્યા અંગેની પહોંચ તથા શિક્ષણ ઉપકરની પહોંચો સદર કેસના રેકર્ડ ઉપર રજુ રાખેલ છે તેમાં ખાતા નં.૧૫૯ જણાય આવે છે પરંતુ વાદી ધ્વારા તેમની દાવા અરજીમાં ખાતા નં.૧૭૧ જણાય આવે છે જેથી સદર પહોંચો પણ દાવાવાળી મીલકતોને લાગતી વળગતી હોય તેવુ પ્રાથમીક દષ્ટિએ જણાય આવતુ નથી. વધુમાં વાદીઓના પિતાશ્રી મંગળભાઈ સાભઈભાઈની તરફેણમાં જે હુકમ તા.૩૧.૦૧.૧૯૬૬ નારોજ થયેલો છે તે સર્વે નં.૩૨૩ ગામ આસરમા વાળી મીલકત માટે થયેલ હોવાનું પ્રાથમીક દષ્ટિએ જણાય આવે છે તેમજ વાદી ધ્વારા રજુ નિ.૩/૬ થી નિ.૩/૧૧ વાળા

દસ્તાવેજોમાં પ્રાથમીક દષ્ટિએ વાદીઓના પિતાશ્રીનું નામ સર્વે નં.૩૨૩ ગામ આસરમા સંદર્ભે ગણોતહકકે દાખલ થયેલ હોય તેવુ જણાય આવે છે પરંતુ સર્વે નં .૩૩૧, નવો સર્વે નં.૫૯૧, બ્લોક નં.૧૭૧ ગામ હઠીપુરા વાળી મીલકત સંદર્ભે નિ.૩/૬ થી નિ.૩/૧૧ વાળા દસ્તાવેજો હોય તેવુ જણાય આવતુ નથી. આં ક–૫ ની મનાઈ અરજીની સુનાવણી વખતે દાવાવાળી મીલકત તથા વાદી ધ્વારા રજુ દસ્તાવેજો વાળી મીલકત એક જ છે તેવુ પ્રથમ દષ્ટિએ ફલીત થતુ નથી.જેથી અત્રેની કોર્ટનું માનવુ છે કે જયારે દાવાવાળી મીલકત કઈ છે તેમાં જ શંકા ઉત્પન થતી હોય તો કામચલાઉ મનાઈ હુકમ આપી શકાય નહી. જેથી વાદીનો પ્રાઈમાફેશી કેસ હાલના તબકકે પુરવાર થતો નથી અને વાદી ધ્વારા તેમની મનાઈ અરજીમાં જે કોઈ દાદ માંગેલી છે તે હાલના તબકકે ગ્રાહય રાખી શકાય નહી કારણ કે તે પુરાવાનો વિષય જણાય આવે છે. જેથી વાદીઓની મનાઈ હુકમની અરજી ગ્રાહય રાખવા જણાય આવતી નો હોઈ જેથી નીચે મુજબનો ન્યાયી હુકમ કરવામા આવે છે.

**:હુકમ :**

(૧) વાદીની આંક–૫ ની કામ ચલાઉ મનાઈ હુકમની અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) સદરહુ અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

આજરોજ ખુલ્લી અદાલતમા હુકમ વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૧૨/૨૦૨૪.

( ડો. અભિનવ મુદગલ )
પ્રિન્સીપાલ સીવીલ જજ, આંકલાવ
આંકલાવ.
જજ કોડ નં–જીજે૦૧૩૩૨